EDII

Sandesh

May 12, 2016
Page No. 4
Of City life

# નાનપણથી જ બાળકમાં ઉદ્યોગ સાહસિકતાના ગુણો વિકસાવો




અમદાવાદ : ૧૧ મે ૨૦૧૬

બાળકોમાં નાનપણથી જ ઉદ્યોગ સાહસિકતાના ગુણોનો વિકાસ થાય તે માટે આંત્રપ્રિન્યોરશિપ ડેવલપમેન્ટ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ઈન્ડિયા (ઈ.ડી.આઈ.આઈ.)માં સમર વર્કશોપનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં બાળકોએ આંત્રપ્રિન્યોરશિપને લગતી વિવિધ બાબતો જાણી, આઈડિયાને કેવી રીતે બિઝનેસ પ્લાન સુધી પહોંચાડી શકાય, લોકોને પોતાના આઈડિયા સાથે કેવી રીતે સાંકળી શકાય તે અંગે વાતો જાણી હતી. સાથે જ બાળકો માટે ખાસ ઈન્ડસ્ટ્રીયલ વિઝિટનું પણ આયોજન કરવામાં આવ્યું હતું.




સમર કેમ્પના છેલ્લા દિવસે ઈડિઆઈના પ્રેસિડેન્ટ કિશોર ખરાતે પાર્ટિસિપટન્સને સંબોધ્યા હતા. તેમણે જણાવ્યું હતું કે, પહેલાના સમયે પેરેન્ટ્સ બાળકોને ડૉક્ટર, એન્જિનિયર બનાવવા માગતા હતા. પરંતુ હવે ખુશીની વાત છે કે બાળકોના સારા આઈડિયાને પેરેન્ટ્સ સપોર્ટ કરીને તેને બિઝનેસમાં આગળ વધવા મદદ કરે છે. આજકાલ નોકરીની સરખામણીમાં ઉદ્યોગમાં ઘણું રિસ્ક રહેલું છે. પરંતુ પેરેન્ટ્સ સપોર્ટ કરી રહ્યા છે તે સારી બાબત છે. હવે બાળકોમાં નાનપણથી જ ઉદ્યોગસાહસિકતાના ગુણોનો વિકાસ કરવો જોઈએ.